# ફુદેડા વૃત્તાંત

ડૉ.કે.જી.પટેલ.
(પી.ટી.સી.,એમ.એ.બી.એડ.,એમ.ફીલ.,પીએચ.ડી.)
(એમ.ફીલ. અને પીએચ.ડી.ગાઈડ)
અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ,
એમ.એન.કોલેજ,વિસનગર

આજના ફુદેડા ગામનું મૂળ નામ જામપુર હતું. જેનુનામ જામાબીબી પરથી પડેલું.જામાબીબી હસુમીયા નામના ફુદેડાના જાગીરદારની બેગમ હતા. આજે જામપુર ગામ ફુદેડાના નામથી ઓળખાય છે. પણ મૂળ ફુદેડા ગામનો વસવાટ આજથી ૮૦ વર્ષ પૂર્વે સાબરમતી નદીના કિનારા પર હાલના મહાકાળી મંદિરની આજુ બાજુ હતો. ગાયકવાડ સમયથી તે ફુદેડા નામથી નોંધાયેલું સમૃદ્ધ ગામ હતું. તે પૂર્વે પણ તે ફુદેડા નામથી જ પ્રચલીત હતું. તેની પ્રાચીનતા તપાસતા તે ૧૨૦૦ વર્ષ જુનું હોવાનું માલૂમ પડે છે. સાબરમતી નદીના કિનારે જૂનાસંઘપૂરથી રામપુર સુધી પ્રાચીન નદીને સમાંતર વિશાળ વિસ્તરેલા નગરના અવશેષો પ્રાપ્ત થાય છે જે ઉત્ખનન અને સંશોધનનો વિષય છે.આ વિસ્તારનો ઈતિહાસ છેક પ્રાગ ઈતિહાસ સુદ્યીનો મળે છે. સાબરમતી નદીના કિનારે પેઢામલી આજુ બાજુથી આદિમાનવ સમયના વપરાતા ઓજારો જેવા કે કુહાડી, ભાલા જેવા પથ્થરના ઓજારો હસમુખ સાંકળીયા જેવા પુરાતત્વ શાસ્ત્રીઓએ શોદ્યી કાઢયા છે. ફદેડાનો આદ્યઈતિહાસ ગાયકવાડ સમયથી મળે છે. ઈ.સ.૧૭૨૧ આસપાસથી આ વિસ્તાર પર ગાયકવાડી શાસન સ્થપાયેલું. ૧૮૫૭ના બળવા પહેલા બચાજમાદાર નામના ગાયકવાડની આરબ ફોજના બલૂચી સરદાર તથા અંગત સિપાહસાલારે આ વિસ્તારમાંથી ચોથ ઉગરાવેલી. પછીથી તેને પેઢામલી, સરદારપુર, ફુદેડાની જાગીર પ્રાપ્ત થયેલી. તે અચ્છો નિશાનેબાજ હતો. તેનું મુખ્ય થાણું પેઢામલી હતુ. પેઢામલીની લાલમેડી નામની આલિશાન હવેલી તેનું નિવાસ્થાન હતી. તેના ઝરુખામાંથી સાબરમતીનદીના સુંદર બીચનો નઝારો જોવા મળતો. એક કાળી રાતે નદીના પટમાંથી કોઈ ચોરે પેઢામલીમાં ચોરી કરવાનો લલકાર ફેંક્યો. ચોરે કહેલું કે,''હું તારા ગામમાં પાંચ દિવસમાં ચોરી કરી જઈશ.'' તે જાગી ગયો અને તે ચોરને કહયું,''હું ઊંગેલો હતો એટલે આપે કહયું તે હું સમજયો નથી, એમ કરો આપ ફરીથી બોલો.'' ચોર ફરીથી બોલ્યો. ત્યારે અવાજની દિશામાં ગોળી છોડી તેને ઢેર કરેલો. એમ કહેવાય છે કે તે હાથી પર સવાર થઈ ફુદેડા ગામ જીતવા આવેલો. તે સમયે ફુલસિંહ નામના ઠાકોરનો ગીરાસ હતો. ગામના લોકોએ એ પહેલાં કદી હાથી જોયેલો નહિ. આવડું મોટું પ્રાણી જોઈને લોકો તો આભા બની ગયા. ભયભીત ઠાકોરે ગીરાસ બચાજમાદારને સોંપી દીધો. બચાજમાદારે હસુમીયાં અને શેરુમીયાના બાપદાદાઓને ફુદેડાની જાગીર આપેલી. આમ, બચ્ચાજમાદાર પાસેથી ફુદેડાની જાગીર આ બે ભાઈઓને વારસામાં મળેલી.

તે પૂર્વેના સમયમાં ફુદેડા ગામ ખૂબ સમૃદ્ધ ગણાતું. ફુદેમાતાના મંદિરથી છેક સાબરમતીનદી કિનારા સુધી તે વિસ્તરેલું હતું. બધાજ વર્ણના લોકો હળીમળી રહેતા અને ધધા રોજગાર ચલાવતા. બધાજ ધર્મના સ્થાપત્યો આ ગામમાં હતા. જૈનો પણ આ ગામમાં રહેતા હતા. તેમનું દેરાસર હાલ

પુનુરુત્થાનની રાહ જોતુ ખંડેર હાલતમાં જોવા મળે છે. તેના ખંડેરની પણ વિશાળતા અને સ્થાપત્યકલા જોઈ એમ કહી શકાય કે એક સમયે તે વિશાળ અને ભવ્ય લાગતું હશે. તેના ગર્ભગૃહની મુખ્ય મૂર્તિ ફુદેડા(નવા) ગામના જૈન મંદિરમાં લઈ જવામાં આવેલ છે. ગામના જુના અન્ય સ્થાપત્યોમાં ફુદેમાતાના મંદિરની ઓરડી, ફુદેમા વાળા હનુમાનજીનું મંદિર, મહાકાળીનું મંદિર, મહાકાળી વાળા હનુમાનજીનું મંદિર માતાજીની ઓરડીમાંજ સાથે છે. જુનો કૂવો પણ છે. ફુદેમાના મંદિરમાં આજે પણ માતાજીની ખંડિત મૂર્તિઓ રાખેલી જોવા મળે છે. તે ઉપરથી લાગે છે કે અહીં એક મોટું માતાજીનું મંદિર હશે જેને વિધર્મીઓ દ્વારા તોડી પડાતા તેની ખંડિત મૂર્તિઓ કે અવશેષો ત્યાં રાખવામાં આવેલા જણાય છે. ફુદેમાતાના મંદિરના પ્રાંગણમાં જુનું શિવલિંગ કાળા રેતીયા પત્થરન્ જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય કે ત્યાં સાથે શિવમંદિર પણ હશે. ફુદેમાના હનુમાનજીનું મંદિર ફુદેડાના તમામ સ્થાપત્યોમાં સૌથી પ્રાચીન લાગે છે. તેની મૂર્તિ ચમત્કારીક હોય તેવો અનુભવ લોકોને થાય છે. તેનો જિર્ણોદ્ધાર આશરે આજથી ૩૫ વર્ષ પૂર્વે ફુદેડા(નવા) ગામના વતની તથા આજીવન શિક્ષક એવા શ્રી જી.કે.પટેલે કરાવેલ. તે વખત લુહારી કામ તથા ચર્મકામ તથા તેની બનાવટો આજુબાજુના ગામમાં પ્રખ્યાત હતી. પેઢામલી તે સમયે આજુબાજુના ગામો માટે જીવનજરૂરી વસ્તુઓની ખરીદી માટે વખણાતું. ત્યાં મોટું બજાર હતું. તેના બજારમાં ફુદેડામાં બનતી વસ્તુઓ વેચાતી. તેની ખૂબ માંગ રહેતી. ફુદેડા તે સમયે સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં આળોટતું હતું.

આ ગામનું નામ ફુદેડા કેમ પડયું તે પણ રોચક છે. આજે ફુદેડા ગામમાં નાગર બ્રાહમણોના ઘર નથી પણ એક સમયે નાગરબ્રાહમણોના વસવાટનું મોટું કેન્દ્ર હોય તેમ લાગે છે. આજના જુના ફુદેડાની ઉત્તરે ફુદેમાનું નાનું દેરુ આવેલું છે. તે માતાજીના નામ પરથી ફુદેડા ગામનું નામ પડેલું છે. મંદિરની બાજુમાં શિવાલયના અવશેષો પણ મળે છે. જુના ગામના વસવાટના અવશેષો પણ પ્રાપ્ત થાય છે. આ ફુદેમાતા નાગર બ્રાહમણોની કુળદેવી મનાય છ. આજે ફુદેમાનું અન્ય મંદિર ઉ.ગુ.માં બીજે કયાંય જોવા મળતું નથી. નાગર બ્રાહમણો આજે ફુદેમાની કુળદેવી તરીકે પૂજા કરતા નથી. આ માતાજીનો ધાર્મિક ઈતિહાસ પણ સંશોધનનો વિષય છે.

આ ફુદેમાનું મંદિર એક સમયે ગામના પ્રવેશ દ્વારે હતું. ત્યાર પછી નાગર બ્રાહમણોના વસવાટની વસાહત હતી. સોલંકી કાલમાં આ મોટું નગર હોય અને તેનો વિસ્તાર છેક સાબરમતી નદી સુધી વિસ્તરેલો હોય તેવી સભાવના છે. આ ગામના મુઘલકાલીન છેલ્લા ગીરાસદાર ફૂલસિહ હતા. તેમના પિતૃઓને રાજયની સેવાથી પ્રસન્ન થઈને આ ગામનો ગીરાસ આપલો હોય તેમ બનવા જોગ છે. તેમના વંશજો આજે પણ જુના ગામમાં હયાત છે.

ફુદેડાના ગાયકવાડી સમયના ઈતિહાસને તપાસીએ. તે સમયે મહાકાળી મંદિરના પશ્ચિમ ભાગમાં જયાં આજે યાત્રીનિવાસની જગ્યા છે ત્યાં તથા તેની આજુબાજુ પટેલોનો મહોલ્લો હતો. શેરીઓ પૂર્વ–પશ્ચિમ હતી. તે સમયે પટેલોના આશર ૫૦ ઘર હતા. તેમના ઘરો માળ વગરના, બે રૂમ અને ઓસરીવાળા હતા. તેને ડેલા વાળેલા હતા. જેમાં ભેંસો રાખવાનું કોઢાળું, ઘાસ ભરવાની જગ્યા રહેતી. તેમના ઘરો પત્થર, ઈંટ અને લિંપણથી બનાવેલા હતા. બરાબર તેની સિધમાં દક્ષિણ તરફ દરબારની હવેલીઓ હતી. તે અલગ વરંડાથી રક્ષિત મોટા મેદાન વાળી એક માળની ઈમારત હતી. હવેલી લાકડામાંથી બનાવેલી નકકાશીદાર હતી. લાકડાની કોતરણીથી હવેલી આલીશાન

લાગતી હતી. હવેલીમાં ઘણા ઓરડા હતા. સભા ભરવા સભાખંડ હતો. પ્રવેશદ્વાર સામે સિંહાસન હતું. મગરમચ્છ જડિત વિશાળ સુંદર સિહાસન હતું તેવી લોકવાતો છે. હવેલીના ઝરૂખામાં સોનાનો હિંચકો હતો. હવેલીને સ્થાનિક રહીશો ''કચેરી'' કહેતા. તેમના નોકરોને રહેવા કંપાઉન્ડમાં ઓરડીઓ હતી. ગુનેગારોને રાખવા કંપાઉન્ડમાં નાની નાની ઓરડીઓ હતી. પીવાના પાણીમાટે અલગ કૂવો હતો. તેની સાથે બગીચો હતો. આ બધાથી હવેલી ભવ્ય લાગતી હતી. હવેલીની બાજુમાં મુસલમાનાના ઘર હતા. હવેલીની બાજુમાંથી મુખ્યમાર્ગ પસાર થતો. મુખ્યમાર્ગ પરની ચહલપહલની દેખરેખ રાખવા ચોકી હતી. નવઆગંતુક ગામમાં રજા સિવાય પ્રવેશ મેળવી શકતો નહીં. જૈનમંદિરની આસપાસ જૈનવણિક લોકોની વસતી રહેતી હતી. તે સમયે ૩૦ જેટલા ઘર જૈનોના હતા. ભાવસાર, લુહાર, સુથાર, દરજીઓના ઘર પીપળાની આસપાસની શેરીઓમાં હતા. ઠાકોર લોકો મહાકાળી મંદિરની ઉત્તર દિશાએ રહેતા. તેમના આશરે ૩૫ ઘર હતા. ફુલબાઈ માતાનાં દેરાં હતા. જે આજે પણ હયાત છે. ગામમાં સતનારાયણ ભગવાનું મોટું ભવ્ય મંદિર હતું. સંધ્યા સમયે વાગતી ઝાલરોથી વાતાવરણ ગુંજી ઉઠતું હતું. મહાકાળીમાં હનુમાનજીની સ્થાપના અમૃતભાઈ સાંકાભાઈ લુહારે સૈકા વર્ષ પૂર્વે કરેલી. ગામથી દક્ષિણ પૂર્વેના ભાગમાં હરીજનોનો નિવાસ હતો. તેમના આશરે વીસેક ઘર હતા. તેઓ ચામડું પકવતા. હમણાં સુધી ત્યાં ચામડું પકવવાના કુંડ આ લખનારે પણ જોયા છે. તેમાથી કોસ, જોતર, સૂંઢા, પલાણ,,લગામ, માંચરી, પગરખાં વગેરે ચીજ વસ્તુઓ બનાવતા. જેની બજારમાં ભારે માંગ રહેતી.

સાંકાભાઈ લુહારની પેઢી તલવારો, કટારીઓ, બંદૂકો જેવા શસ્ત્રો બનાવતી. જેની આજુબાજુની નાની રિયાસતો જેવીકે રણશીપુર, આગલોડ, વલાસણા, દાવડ, ઈડર વગેરેમાં ભારે માંગ હતી. શસ્ત્રોના વેપારને કારણે તેમની પાસે પુષ્કળ ધન એકઠુ થયેલુ. તેમની ખ્યાતી જાણી મીરખાન બહારવટીયાએ ફુદેડા લૂંટવાનો મનસૂબો બનાવેલો. પણ જાગીરદારોના ડહાપણથી ફુદેડા અક્ષત રહેલું.આજે પણ તેમની પેઢી દ્વારા બનતા ફુદેડાના ચપ્પાં,દાતરડી, પાવડા વખણાય છે. જે ફુદેડાના નામથી બજારમાં વેચાય છ. જેની સારી નામના છે.

ગામમાં ગામઠી શાળા હતી. બ્રાહમણો પણ વ્યવહારું જ્ઞાન બાળકોને આપતા. વિદ્યારંભ સંસ્કારને ''પાટલો માંડવો'' કહેતા. શ્રી ૧૧ લખી વિદ્યારંભ થતો. છોકરાઓ મૂઠી અનાજ બ્રાહમણોને માટે લાવતા. ત્યાં ચાર ચોપડીનું શિક્ષણ આપવામાં આવતું. વધુ ભણવા માટે વિજાપુર કે વિસનગર જવું પડતું.

પાણી ભરવા સ્ત્રીઓ નદીના ઘાટ ઉપર જતી. જે સ્થળને પાણીઆરી કહેતા. નહાવા–ધોવાનું નદી કિનારે રહેતું. ઢોર–ઢાંખરને પાણી પાવાનું તથા નહવાડવાનું નદીના કિનારે થતું. વાઘરી–રાવળ જેવી જાતીઓ નદીના કિનારાના ભાઠામાં શાકભાજીનું વાવેતર કરતી. ભાઠામાં ઢેંકથી સિંચાઈ કરતા.

બાજુમાં નદીનું એક જોખમી કોતર હતું. જેને ગોજારુ ''આંધું'' કહેતા. લોકો દિવાળી કે શુભ પ્રસંગે લીંપવા માટે ત્યાંથી માટી લેવા જતા. ત્યારે ઉપરથી ભેખડ પડતાં ઘણી વખત માણસો દટાતા અને મૃત્યુ પામતા. આથી તેનું નામ ''ગોજારું આધું''પડેલું.

ખેતરોના કેટલાક સ્થળનામો પાછળ પણ ઈતિહાસ રહેલો છે. તે વખતે કેટલીક ટોળીઓ લૂંટફાટ મચાવતી ગામ પર ચડી આવતી. ગામડાને લૂંટવા તથા ભાગવા માટ કેટલીક વખત ચડી આવતા. એટલે ચોકી રાખવી પડતી. ગોરા વલ્લી ચોકી માટે આરસોડિયાના ઠાકોરોનો પહેરો રહેતો. તેમના ઘોડા ત્યાં બંધાતા. એટલે તે વિસ્તારને ‘‘ગોરાવલ્લી’’ કહે છે. તેમને ત્યાં ઘાસ નિરવામાં આવતું. જયારે ખાટલી વલ્લી ચોકીદારોના ખાટલા રહેતા. એટલે તેનું નામ ‘‘ખાટલી વલ્લી’’ પડેલું. સોતરાવાળા તળાવ પાસે ગીચ ઝાડી હતી. દિવસે પણ અંધારા જેવું. તેમાં કેટલીક વખતે ચોરો સંતાઈ જતા. વલ્લીએ મોટો વડ હતો. એટલે તેનું નામ વલ્લી પડય્. ડોરિયાવાળામાં મહુડાના ઘણા વૃક્ષો હતા. મહુડાના ફળને ડોરિયા કહેવામાં આવે છે.

ખેતીની જમીન જોઈએ તો નદીથી પશ્ચિમમાં ગામથી ખૂબ દૂર હતી. રોજ સવારે ખેતી કામ માટે એટલે દૂર જવામાં મૂશ્કેલી પડતી. વળી નદી પેલે પાર નાની રિયાસતો તરફથી લૂટફાટનું જોખમ રહેતું. કેટલાક વ્યસનીઓનો પણ ત્રાસ રહેતો. શાહુકાર વસતીને આ અનુકૂળ ન હતું. એટલે બરાબર મધ્યમાં નવું ગામ વસાવવાનો નિર્ણય લેવાયો. જેનું નામ જામાબીબીના નામ પરથી જામપુર રાખવામાં આવેલું જે આજના નવા ફુદેડા તરીકે ઓળખાય છે. જે ગાયકવાડના નકશાઓમાં પણ જામપુર તરીકે ઓળખાય છે. જામપુર ખાતે પ્રથમ વંદામાની સામેની શેરી બનેલી. જેની ખાંભલી જીવા દવોપ્‌જકએ રોપેલી. બટુક મહરાજે સ્થળ પસંદગી કરી ખૂંટી મારેલી. ત્યારબાદ તેની પાછળની શેરી બની. વંદામા પાસે આરસોડીયાના ઠાકોરોની ચોકી રહેતી. ચોરોનો ખૂબ ભય રહેતો. માટી તથા પત્થરનાં છાણ માટીથી લીંપેલાં છાપરાવાળા મકાનો હતા. ગાયકવાડ સરકારની સહાયથી ગામમાં કૂવો ખોદાવેલો. કૂવામાંથી કોસ દ્વારા પાણી ખેંચવામાં આવતું. બાજુમાં થાળું અને હોજ હતા. કૂવો કલાત્મક હતો. તેમાં તરાશેલા તથા ડિઝાઈન કરેલા પત્થરોનો ઉપયોગ થયેલો. તેની પાસે પશુઓને પાણી પાવા હવાડો હતો. કોસ દ્વારા ખેંચેલું પાણી ચેનલ વાટે ગૌમુખમાંથી હવાડામાં પડતુ. પરબડી બનાવેલી તેના પર ચબૂતરો બનાવેલો. તેમાં પાછળથી ઉકો નામનો અલગારી માણસ રહેતો. જે ગામની સેવા અને છૂટક મજૂરી કરતો. જામપુરમાં પણ ગાયકવાડી ગામઠીશાળા શરૂ થયેલી. ગામમાં લાયબ્રેરી પણ હતી.ગામમાં રણછોડરાય ભગવાનનું સુંદર મંદિર પણ બનેલું. તે સમયે તે વિસ્તારમાં કયાંય નહોય તેવું ભવ્ય મંદિર તથા તેની સાથેની ધર્મશાળાનું નિર્માણ તે વખતના લોકોની ભકિતભાવના, નેતૃત્વ તથા આર્થિક સંપન્નતાની તાકાત બતાવે છે.ગામમાં ઉદા સંપ્રદાય નિર્ગુણ ભકિત કરવા વાળાની વસ્તી હોવા છતાં આ મંદિર સગુણ સ્વરૂપની તેમની ઊંડી શ્રદ્ધાનુ પ્રતિક છે. આ ધર્મશાળામાં તો ૧૯૭૦થી ૨૦૦૬ સુધી હાઈસ્કૂલ ચાલેલી. આજે તેનો વાડી તરીકે ઉપયોગ કરે છે. તેની પાછળ જૈનવાસ હતો. તેમાં જૈન ઉપરાંત છીપાઓના ઘરો પણ હતા. આ જૈન શ્રેષ્ઠીઓનો ગામ પર ઘણો મોટો પ્રભાવ વર્તાતો હતો. તેમની શેરીમાં આદિનાથભગવાનનું સુંદર જૈન મંદિર આજે પણ અડિખમ ઉભૂ રહી તેમની હયાતીનો પૂરાવો આપે છે. આજે તો માત્ર આ શેરીમાં એક જ જૈન કુટુંબ રહે છે. શહેરીકરણનો આ શેરી પર જબરો પ્રભાવ રહયો છે. જૈન અને ભાવસાર કોમે શહેરોમાં ધંધા રોજગાર માટે સ્થળાંતર કરેલ છે.મંદિરની ડાબી બાજું મોટો બગીચો હતો. તેની આગળ પાણી ખેંચવાના મશિનની શોધ થતાં નવો કૂવો ખોદાવેલો. તેના પાણીનો સંગ્રહ કરવા મશીન પર ઓરડી અને તેમાં ઉપર હોજ હતો. બાજુમાં કપડાં ધોવા અને ન્હાવા માટે સમગ્ર ગામ માટે ચકલીઓ હતી. જેમાં ઓરડી પર સંગ્રહેલા હોજમાંથી પાણી

બંને બાજુ આવતું હતું. આજે તો આ ચકલીઓ યુવાનોને બેસવામાટેની વ્યુહાત્મક જગ્યામાત્ર બની ગયેલ છે.

સમય બદલાતાં આઝાદીની ચળવળની લહેર ચાલી. આઝાદી આવી ગાયકવાડી શાસનનો અંત આવ્યો. છેવાડાના ગામમાં લોકશાહી આવી. વિકાસની આંધી આવી. સમય વીતતાં ગામને નવા કલેવર ચડતા ગયા જૂના ઉતરતા ગયા. તેનો વિકાસ ભૂતકાળ સાથે સરખાવી આપણે મૂલવીએ. આઝાદી પછી ગામની નવી નેતાગીરીએ ગામનો સાચો વિકાસ કર્યો છે? ગાંધીનું ગ્રામસ્વરાજનું સ્વપ્ન સાકાર થયું છે? કયા આટાપાટામાં આપણે અટવાયા છીએ અને કેમ? તેના વિશે જો ચિંતન થશે તો ગામવિકાસને નવી દિશા મળી શકે છે. ઈતિહાસ એ બોધાત્મક અને પ્રેરણાત્મક હોય છે. આશા રાખીએ કે આપણા વારસાને જીવંત કરી આપણું ગૌરવ પાછું લાવીએ.

સંદર્ભસૂચિ :–

- રૂબરૂ સ્થળતપાસ દ્વારા
- પેઢામલીનાશ્રી સોમાભાઈની રૂબરૂ મૂલાકાત ૨૯/૧૦/૧૧ના આધારે
- જૂના કુદેડાના ઠાકોર શ્રી વકતાજીની રૂબરૂ મૂલાકાત ૨૮/૧૦/૧૧ને આધારે.